ગાંધીનગર સમાચાર

રેડિયન્ટ સ્કૂલ દ્વારા પોલીસ સ્ટેશનની સંવેદી મુલાકાત

ગાંધીનગર, તા. ૧૯

સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સના કેજી અને ધોરણ-૧,૨ના વિદ્યાર્થીઓએ દાંડી કુટિર તથા સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી. શૈક્ષણિક સ્થાનિક મુલાકાત દરમિયાન અંતર્ગત શાળા મેનેજમેન્ટ દ્વારા આ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. બંને સ્થળે ફરજરત કર્મચારીઓ દ્વારા વિદ્યાર્થીઓને સ્થળ નિદર્શન કરવાની સ્થળ વિશે જાણવાલાયક સંપૂર્ણ માહિતી પિરસવામાં આવી હતી. જાહેર જીવનમાં પ્રજાની સુરક્ષા અને સલામતી માટે પરિવારથી મહત્તમ સમય દૂર રહીને ખડે પગે ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓની અવિરત સેવાને બિરદાવવા વિદ્યાર્થીઓએ તેમને ગુલાબનું પુષ્પ અને મીઠાઈ અર્પણ કરી હતી. સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફ મેમ્બર્સને આવા ઉમદા હેતુસરની સ્થાનિક મુલાકાત બદલ અભિનંદન પાઠવ્યા હતા.

રોટરી ક્લબ અને ટોપ એજ્યુકેશનના સંયુક્ત ઉપક્રમે

વિદ્યાર્થીઓને અભ્યાસ માટે સહાય અર્થે આજે ટોપ ઓલમ્પિયાડ પરીક્ષા યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

શિક્ષણ એજ સાચી સેવા ને સાર્થક કરતા રોટરી ક્લબ ઓફ ગાંધીનગર અને ટોપ એજ્યુકેશન, ગાંધીનગર દ્વારા શિક્ષણ ક્ષેત્રે નવીન પહેલ કરવામાં આવી છે જેના પરિણામરૂપે રોટરી ક્લબ ઓફ ગાંધીનગરના માપદંડોને આધારે ધોરણ ૯ અને ૧૦ના તેજસ્વી અને આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને Text Books અને Foundation Course સંપૂર્ણ ફ્રી આપવામાં આવશે જેનાં થકી ઉજ્જવળ ભવિષ્ય બનાવવાની ઉત્તમ તક યોગ્ય વિદ્યાર્થીઓને પ્રાપ્ત થઈ શકશે.

બંને સંસ્થા દ્વારા ગાંધીનગર ટોપ ઓલમ્પિયાડ પરીક્ષાનું આયોજન ૨૦ ઑક્ટોબર ને રવિવારના રોજ બપોરે ૨થી ૫ વાગ્યા દરમિયાન ટોપ એજ્યુકેશન, સેક્ટર-૬ ખાતે કરવામાં આવ્યું છે. ધોરણ પથી ૧૨ અંગ્રેજી અને ગુજરાતી માધ્યમમાં ભણતા વિદ્યાર્થીઓ પરીક્ષામાં ભાગ લઈ માપદંડોને આધારે ફ્રી પુસ્તકો અને કોચિંગ મેળવી શકશે. આ લાભ ફક્ત ૧૦ તેજસ્વી અને આર્થિક રીતે અસક્ષમ વિદ્યાર્થીઓને જ આપવામાં આવશે. તે ઉપરાંત વિષય અને ધોરણ પ્રમાણે ટોપ જીનીયસ એવોર્ડ આપી વિદ્યાર્થીને સન્માનિત કરવામાં આવશે. વિદ્યાર્થીઓ સ્પોટ રજિસ્ટ્રેશન કરાવીને પણ પરીક્ષા આપી શકે છે. આ અંગેની વધુ માહિતી માટે મોબાઈલ ૯૯૯૮૫૩૬૫૦૭, ૭૪૯૦૦ ૩૬૫૦૭પર સંપર્ક કરી શકાશે એમ રોટરી ક્લબના પ્રમુખ ડૉ. ધર્મેન્દ્ર પટેલની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

એમ બી પટેલ સ્કૂલ દ્વારા વૉટર પાર્કની મુલાકાત

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલની ધોરણ-૧ અને ૨ની ૯૭ વિદ્યાર્થિનીઓ માટે મહેસાણા ખાતે સ્થિત બ્લિસ વૉટર પાર્કમાં પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું.

રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા શાનદાર 'એજ્યુબિશન'

રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલનું વાર્ષિક પ્રદર્શન 'એજ્યુબિશન ૨૦૧૯' શાળાના વિશાળ પટાંગણમાં યોજવામાં આવ્યું હતું. 'એજ્યુબિશન' બાળકોમાં વિષય પ્રત્યેની જાગરૂકતા કેળવવામાં અને વિશેષ ઋચિ જગાવવામાં મદદ કરે છે અને તેમનામાં રહેલી શક્તિઓને પારખી અને વિકસાવવા માટે મજબૂત પ્લેટફૉર્મ પૂરું પાડે છે. એજ્યુબિશન-૨૦૧૯ માટેની થીમ 'સામાજિક વિજ્ઞાન' પસંદ કરવામાં આવી હતી. બાળકો ભવિષ્યના સમાજનો એક ભાગ છે. દેશનું ભવિષ્ય એ આજનાં બાળકો પર નિર્ભર છે. તેમને સામાજિક જીવન સાથે જોડવાના અને ભારતના ભવ્ય વારસાથી માહિતગાર કરવાના આશયથી થીમની પસંદગી કરવામાં આવી હતી. બાળકોએ થીમ આધારિત વિવિધ વિષયો ઉપર સુંદર મૉડલ્સ અને ચાર્ટ્સ તૈયાર કર્યા હતા. ભરપૂર આત્મવિશ્વાસ સાથે તમામ આમંત્રિતો, વાલીઓ અને મુલાકાતીઓ સમક્ષ તેની રજૂઆત કરી હતી. ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીને અનુલક્ષીને બાળકો દ્વારા સુંદર કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. શાળાના 'સ્કૂલ સોસાયટી ઈન્ટરએક્શન' પ્રોગ્રામ અંતર્ગત સમાજજીવનના અગ્રણી અતિથિ ઈ પી દેસાઈ (નિવૃત્ત સંયુક્ત સચિવ), ડૉ. વૈભવ પટેલ (ડિરેક્ટર, પગરવ હૉસ્પિટલ), આલોક ભૂષણ (ટુઆઈસી, બીએસએફ, ગાંધીનગર) અને આર્મીના ઉચ્ચ અધિકારી યાદવ ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. રંગોલી ગ્રૂપના ચેરમેન પ્રહર અંજારિયા અને શાળાના ટ્રસ્ટી પ્રણવ સોનીની વિશેષ ઉપસ્થિતિમાં સમગ્ર કાર્યક્રમ સુંદર રીતે યોજાઈ ગયો. આચાર્ય અનામિકા અંજારિયા અને ઉપાચાર્ય વિજયા સુબ્રમન્યને સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

જન્મદિને વધામણી

રાહુલભાઈ મહેતા

શાન્વી ત્રિવેદી

શાન્વી
મો. ૯૬૨૪૧ ૨૯૨૪૧



સાન્વી હાર્દિકભાઈ રાઠોડ

શિનોય હિરેનકુમાર રૂપાલા

ભાગ્ય સુહાગ વોરા

પ્રફુલ્લા ભાવસાર
મો. ૯૯૨૪૨ ૧૩૫૨૪

પગારના આધારે જ પ્રવેશની કામગીરી કરવા સૂચના

પ્રવેશ સમિતિમાં કામ કરતા અધ્યાપકોનું માનદ વેતન બંધ

ટેકનિકલ શિક્ષણ વિભાગે પરિપત્ર કરીને વેતન બંધ કરવાનો આદેશ કર્યો : અધ્યાપકોમાં આક્રોશ

ગાંધીનગર,તા. ૧૯

ડિગ્રી અને ડિપ્લોમા એન્જિનિયરિંગ સહિતની પ્રવેશ પ્રક્રિયા કરતી એડમિશન કમિટીમાં કામગીરી કરતાં સભ્યોને અત્યાર સુધી માનદ વેતન ચૂકવવામાં આવતું હતું, પરંતુ હવે ટેકનિકલ શિક્ષણ વિભાગે પરિપત્ર કરીને આ પ્રકારનું વેતન બંધ કરવાનો આદેશ કર્યો છે. એટલું જ નહીં, અધ્યાપકોને જે પગાર ચૂકવવામાં આવે છે તેના આધારે જ તેઓએ પ્રવેશની કામગીરી કરવી તેવી પણ સૂચના આપી છે. ટેકનિકલ વિભાગના આ નિર્ણયને કારણે કમિટીમાં ફરજ બજાવતાં સભ્યોમાં ભારે નારાજગી ઊભી થઈ છે.

ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરી પ્રવેશ પ્રક્રિયાની કામગીરી ઓનલાઈન શરૂ થઈ તે પહેલાથી જે પ્રોફેસરો પ્રવેશની કામગીરીમાં રોકાયેલા હોય તેમને પગાર ઉપરાંત માનદ વેતન ચૂકવવામાં આવતું હોય છે. સૂત્રો કહે છે કે, આ માનદ વેતન ૪૦થી ૫૦ હજાર રૂપિયા જેટલું હોય છે. જેટલા સભ્યો કામગીરી કરતાં હોય તે તમામને આ લાભ આપવામાં આવે છે. પ્રવેશની પ્રક્રિયા અંદાજે ૬ મહિના જેટલી ચાલતી હોય છે. આ ઉપરાંત પ્રવેશની કામગીરીમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ હોવાથી બહુ ઓછી સંખ્યામાં પ્રોફેસરો આ કામગીરી બજાવવા તૈયાર થતાં હોય છે.

તાજેતરમાં ટેકનિકલ વિભાગે પરિપત્ર કરીને પ્રવેશની કામગીરી કરતાં પ્રોફેસરોને અપાતું માનદ વેતન બંધ કરવા આદેશ કર્યો છે. સામાન્ય રીતે જે કોઈ નિર્ણય કરવામાં આવે તે આગામી વર્ષ માટે હોય છે, પરંતુ ચાલુ વર્ષે જે કામગીરી પૂરી કરી દેવામાં આવી છે તેના માટે પણ કોઈ વધારાનું વેતન ચૂકવવું નહીં તેવો આદેશ પણ પરિપત્રમાં કરવામાં આવ્યો છે

સૂત્રો કહે છે કે, વિભાગના આ પ્રકારના પરિપત્રના કારણે હાલ તમામ પ્રવેશ સમિતિમાં કામગીરી કરી ચૂકેલા સભ્યોમાં ભારે નારાજગી અને આક્રોશ જોવા મળી રહ્યો છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા પણ પ્રવેશ સમિતિમાં કામ કરતાં અધ્યાપકો-કર્મચારીઓને આ પ્રકારનું વેતન ચૂકવવામાં આવે છે ત્યારે હવે ટેકનિકલ વિભાગે આ રકમ આપવાનુ બંધ કરવાનો નિર્ણય કરતાં ટેકનિકલ શિક્ષણમાં અનેક તર્કવિતર્ક ઉભા થયા છે.

માતૃભાષા, રાષ્ટ્રભાષા અને લોકતંત્ર

માતૃભાષા ચિંતન

હર્ષદ પ્ર શાહ
matrubhasha.gaurav@gmail.com

દિવ્ય ભાસ્કરની દિ. ૨૯.૯.૨૦૧૯ની 'રસરંગ' પૂર્તિમાં શ્રી નગીનદાસ સંઘવીનો એક લેખ 'રાષ્ટ્રને જીવંત રાખવું હોય તો રાષ્ટ્રભાષા વગર ન ચાલે' છપાયો છે. એમાં કેટલીક વાતો બહુ સરસ રીતે કહેવાઈ છે. એમણે લખ્યું છે : 'રાષ્ટ્રભાષાના અભાવે ભારતમાં ઘણી નબળાઈ પેદા કરી છે. ભારત દુનિયાનો એક જ એવો દેશ છે કે જેનું બંધારણ પરદેશી ભાષામાં લખાયું છે. જેના કાયદાઓ પરદેશી ભાષામાં ઘડાયા છે. જેની અદાલતો અને ધારાસભાઓ પરદેશી ભાષામાં કામ કરે છે. જેના શ્રેષ્ઠ ગ્રંથો, સામયિકો અને અખબારો પરદેશી ભાષામાં છપાય છે, વંચાય છે. અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ સમજાવવું પડે તેમ નથી. જ્યાં નજર કરીએ ત્યાં દેખાય છે, પણ અંગ્રેજી ભાષા આ દેશમાં બોલાતી કે લખાતી ભાષા નથી. અબજ કરતાં વધારે વસતી ધરાવતા આ દેશમાં અંગ્રેજી ભાષા સારી રીતે લખી અને વાંચી શકે તેવા લોકોની સંખ્યા દસ-પંદર લાખથી વધારે નથી. તેથી અંગ્રેજી ભાષામાં ચાલતા વહેવારથી દેશની આમ જનતાને ઘણો ત્રાસ વેઠવો પડે છે. લોકો કાયદા કે સરકારી કામકાજમાં ભાગ લઈ શકતા નથી અને અદાલતમાં આમ જનતાએ ફાંફાં મારવા પડે છે. આવા સમાજને લોકશાહી સમાજ ગણી શકાય નહીં, કારણ કે લોકો સરકારી તંત્ર પર પોતાની પકડ જમાવી શકતા નથી. રાષ્ટ્રને જીવંત અને સક્રિય રાખવું હોય તો રાષ્ટ્રભાષા વગર ચાલે નહીં.'

ઉપરોક્ત કથનમાં ભાષાને રાષ્ટ્રના ચૈતન્ય સાથે જોડાઈ છે. ભાષા લોકવહેવાર માટે છે. એ માતૃભાષા (પ્રાદેશિક ભાષા) અથવા રાષ્ટ્રભાષા દ્વારા જ સરળ બને. ભારતમાં કાનૂની અરાજકતા પ્રવર્તે છે. કારણ કે અંગ્રેજી ભાષામાં લખાયેલા કાયદાઓની ભાષા લોકોને સમજાતી નથી. પરિણામે એની ગંભીરતા સમજાતી નથી. ઉપર દર્શાવેલા આંકડા મુજબ તો દેશની જનતાના પા (૦.૨૫) ટકા લોકો પણ અંગ્રેજી સારી રીતે લખી-બોલી શકતા નથી. પછી એનાં અર્થઘટનો શી રીતે કરી શકે ? ગ્રામીણ ક્ષેત્રના તો કરોડો લોકો તો હજુ અક્ષરજ્ઞાનથી પણ વંચિત છે. એમને અને અંગ્રેજી ભાષાને તો કોઈ સંબંધ નથી. અંગ્રેજી ભાષાનું ચલણ બેંકોમાં, સરકારી સંસ્થાઓમાં, શિક્ષણ તંત્રમાં અને કૉર્પોરેટ જગતમાં જે ગતિથી કૂદકે ને ભૂસકે વધતું જાય છે, તેટલી જ ગતિથી અભણ (અંગ્રેજી ભાષાના સંદર્ભે) લોકોની સંખ્યામાં વધારો થતો જાય છે. એમને પોતાના રોજિંદા વહેવાર માટે અંગ્રેજી જાણતા લોકોને શોધી એમનો સહકાર લેવો પડે છે, જેને પરિણામે એમનાં જીવનકાર્યોની ગતિ મંદ બને છે, એમનું પરાવલંબન વધતું જાય છે અને એમનામાં એક પ્રકારની નિરાશા, ઉદાસીનતા અને લઘુતાગ્રંથિ જન્મે છે.

જે રાષ્ટ્ર સ્વભાષામાં 'સ્વતંત્ર' વિકસાવતું નથી એ રાષ્ટ્રના વિકાસની ગતિ સ્વાભાવિક રીતે જ મંદ પડી જાય છે. પછી અન્યોનું અનુકરણ અને અનુસરણ કરવા સિવાય કોઈ રસ્તો બચતો નથી. પરિણામે પરાવલંબન વધે છે અને ક્યારેક ખોટા રસ્તા અપનાવાઈ જાય છે. પ્રજાની અંદર પડેલી વિશિષ્ટ શક્તિઓ અને લાક્ષણિકતાઓ પ્રગટ થઈ શખતી નથી. એટલે વર્લ્ડ બેંક કે વિશ્વ સ્તરે પોતાનાં હિતો માટે જ કામ કરતી અનેકાનેક સંસ્થાઓના નિર્ણયો માનવા પડે છે. જેટલું વિદેશી એટલું સારું ને જેટલું સ્વદેશી એટલું નિમ્ન કક્ષાનું. આવો ભાવ પ્રજામાં જન્મે તે પણ ઘાતક છે અને કદી ભરપાઈ ન થઈ શકે એવું નુકસાન કરે છે.

આ વિષય સાથે જોડાયેલો એક મહત્ત્વપૂર્ણ વિચાર પ્રસ્તુત કરું છું. માતૃભાષા જે તે પ્રદેશનો પ્રાણ છે. પ્રાદેશિક સંસ્કૃતિ, લાક્ષણિકતાઓ, રીતરિવાજો અને સંપૂર્ણ જીવનશૈલી તે પ્રદેશની ભાષા દ્વારા વ્યક્ત થાય છે. ભારત વિવિધતાઓનો દેશ છે. અનેક પ્રકારની વિવિધતાઓ વચ્ચે પણ એકતાનાં અનેક સૂત્રો અને માધ્યમો છે. એમાંનું એક અત્યંત મહત્ત્વનું પરિબળ રાષ્ટ્રભાષા છે. દિનાંક ૧૭.૯.૨૦૧૯ના 'સંદેશ'ના પાના નં. ૬ પરના તંત્રીલેખનું શીર્ષક સૂચક છે : 'દેશની પ્રાદેશિક વિવિધતાને એકતાની માળામાં પરોવવાનું કામ માત્ર હિન્દી જ કરી શકે.' આ તંત્રીલેખમાં શરૂઆતની પંક્તિઓ અહીં ટાંકું છું, 'કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહે હિન્દીને રાષ્ટ્રભાષા બનાવવાનો વિચાર રમતો મૂક્યો છે. હિન્દી દિવસની ઉજવણીમાં શાહે એવી વાત મૂકી હતી કે આપણી પાસે બીજો કોઈ વિકલ્પ નથી.' રાષ્ટ્રીય એકતા અને એકાત્મકતા એ રાષ્ટ્રની શક્તિ છે. એની પ્રસ્થાપના કરવામાં પ્રાદેશિક ભાષાઓ અને રાષ્ટ્રભાષા મહત્ત્વની ભૂમિકા ભજવી શકે. એક રાષ્ટ્ર, એક વિધાન અને એક ભાષા રાષ્ટ્રનાં અનેક સંધાનો જોડી શકે છે. જે ભાષાવિભેદ અંગ્રેજ શાસકો આપણા દેશમાં જન્માવી ગયા તેને ખાતરપાણી કરી કરીને વિષવેલ ઉગાડવાનો કોઈ અર્થ નથી. દેશની જનતાએ, ખાસ કરીને હિન્દીનો વિરોધ કરનાર વર્ગે આ તથ્યને સમજવું જોઈએ. પોતપોતાની માતૃભાષા અને પ્રાદેશિક અસ્મિતાના રક્ષણના નામે આપણે ક્યાં સુધી હિન્દીને રાષ્ટ્રભાષાના દરજ્જાથી વંચિત રાખીશું ? ઉક્ત તંત્રીલેખમાં આગળ દર્શાવાયું છે કે, 'હિન્દી સદીઓથી ભારતવર્ષની સૌથી વધુ બોલાતી ભાષા રહી છે. છેલ્લા બે દાયકામાં દેશવાસીઓને ઈંગ્લિશ મીડિયમમાં શિક્ષણ લેવાનું ઘેલું લાગ્યું છે. વાલીઓ પોતાનાં બાળકોને માતૃભાષાને બદલે ઈંગ્લિશ મીડિયમમાં ભણાવીને પોરસાય છે. એને પગલે મરાઠી અને ગુજરાતી જેવી પ્રાદેશિક ભાષાઓ હાંસિયામાં ધકેલાઈ રહી છે. બાળકોને માતૃભાષામાં ભણાવવા અભિયાનો ચલાવાઈ રહ્યાં છે. અંગ્રેજીના આવા પ્રચંડ આક્રમણ વચ્ચે પણ હિન્દીએ પોતાનું આગવું સ્થાન જાળવી રાખ્યું છે. સરકારી કામકાજો ભલે અંગ્રેજી કે પ્રાદેશિક ભાષામાં થતાં હોય પણ તમામ દેશવાસીઓ વચ્ચે વિચાર-વિનિમય અને વ્યવહારની ભાષા તો આજે પણ હિન્દી જ છે.'

સ્વભાષા એ કેવળ શિક્ષણ કે પ્રત્યાયનનું માધ્યમ નથી, પરંતુ રાષ્ટ્રીય સ્વાભિમાનનું ગૌરવવંતું પ્રતીક પણ છે. જગતનું કોઈ રાષ્ટ્ર પારકી ભાષામાં વહીવટ ચલાવતું નથી. જગતનાં બધાં પ્રગત રાષ્ટ્રો પોતાની ભાષા, પોતાની સંસ્કૃતિ અને પોતાની પરંપરાઓને વળગી રહીને વિકસ્યાં છે. આપણને જ અંગ્રેજી તાવ ચડ્યો છે, જેનાથી આપણા સ્વત્વનું તેજ ઓસરી રહ્યું છે. પરભાષાનો અતિરેક છોડી માતૃભાષા અને રાષ્ટ્રભાષાનું મહત્ત્વ વધારવાના પ્રયાસો બધા સ્તરેથી થવા જોઈએ. સમાજને પરિવર્તનની દિશા ચીંધવી પડશે. આમેય કોઈ પણ ઈષ્ટ પરિવર્તન આકરું જ હોય છે. એમાં અનેક વિઘ્નો અને અવરોધો આવે. લોકોને સત્ય સમજવામાં અને પચાવવામાં વાર પણ લાગે. છતાં આપણે આપણા પ્રયત્નો અવિરતપણે ચાલુ રાખવા જોઈએ. ક્યારેક એ સમજાતું નથી કે ભારતવાસીને થયું છે શું ? એને ભારતમાં તેજસ્વિતા અને મહાનતાનાં દર્શન કેમ નથી થતાં ? એને પોતાની મૌલિક અને અંતર્નિહિત શક્તિઓમાં વિશ્વાસ કેમ નથી ? એ સ્વાવલંબનનો તંતુ છોડીને પરાવલંબી કેમ બની રહ્યો છે ? ભારતની ધરતીનું આધ્યાત્મિક તેજ છોડીને એ ભૌતિકતાના તમસ તરફ કેમ ધસી રહ્યો છે ? એ સ્વભાષા છોડીને પરભાષાની આંગળીએ કેમ વળગ્યો છે ? આત્મગૌરવની ભાષા ભૂલીને એ પરતંત્રનો શરણાગત શાથી બન્યો છે ? અને તે પણ સ્વતંત્ર ભારતમાં ? રાષ્ટ્ર અને રાષ્ટ્રીયતાના ભોગે એ મિથ્યા વૈશ્વિકતાને વહાલ શી રીતે કરી શકે ? શાશ્વતની આરાધના ત્યાગીને એ ક્ષણભંગુરનો આરાધક શાને બની ગયો ? પ્રકૃતિને પ્રેમ કરવાનું મૂકી એ વિકૃતિને શાથી પ્રેમ કરે છે ? 'સર્વ'ને બદલે એ 'સ્વ'નો ઉપાસક કેમ બની ગયો છે ?

આ બહુ વ્યથાપૂર્ણ પ્રશ્નો છે. એનો ઉત્તર એક જ છે - માતૃભાષા અને રાષ્ટ્રભાષા દ્વારા માતૃભૂમિની ભક્તિ પ્રબળ બનાવવી.